# નિયત સમયે જ ૨૦૨૨ના અંતમાં ચૂંટણી યોજાશે : રૂપાણી

## રુપાણીએ વહેલી ચૂંટણીની અટકળોને ફગાવી : મંત્રી રમણ પાટકરે આપેલા નિવેદનને નકારતા રુપાણીએ કહ્યું હતું કે ચૂંટણી વહેલી યોજાવાની વાતમાં કોઈ તથ્ય નથી

ગાંધીનગર,તા.૮
૨૦૨૨ના અંતમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી વહેલી યોજાવાની છે તેવી અટકળો પર સીએમ રુપાણીએ પૂર્ણવિરામ મૂકી દીધું છે. સીએમે આજે જણાવ્યું હતું કે, રાજ્યમાં સમયસર જ ચૂંટણી યોજાવાની છે. રુપાણી સરકારમાં મંત્રી રમણ પાટકરે આ અંગે આપેલા નિવેદનને નકારતા રુપાણીએ કહ્યું હતું કે ચૂંટણી વહેલી યોજાવાની વાતમાં કોઈ તથ્ય નથી. રાજ્યમાં આમ તો વિધાનસભા ચૂંટણી યોજાવાને હજુ બે વર્ષની વાર છે, પરંતુ ગઈકાલે રુપાણી સરકારના એક મંત્રીએ વિધાનસભા ચૂંટણી વહેલી યોજાશે તેવું એક નિવેદન કરતાં આ અંગે જોરદાર અટકળો શરુ થઈ હતી.

પાટકરે ગઈકાલે વલસાડમાં એવો દાવો કર્યો હતો કે જો પશ્ચિમ બંગાળમાં ભાજપની જીત થઈ તો ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ના અંત પહેલા જ યોજાઈ જશે. ઉલ્લેખનીય છે કે, બંગાળમાં આ વર્ષે ૨૭ માર્ચથી આઠ તબક્કામાં ચૂંટણી થવાની છે, અને તેનું પરિણામ ૨જી મેના રોજ આવવાનું છે. તાજેતરમાં જ રાજ્યની છ મહાનગર પાલિકાઓની સાથે જિલ્લા તેમજ તાલુકા અને ગ્રામપંચાયતોમાં ચૂંટણી યોજાઈ હતી, જેમાં ભાજપે જોરાદર દેખાવ કરતાં મોટી જીત હાંસલ કરી છે. આ ઉપરાંત, ૨૦૨૦માં થયેલી વિધાનસભાની છ બેઠકો પરની પેટાચૂંટણીમાં પણ ભાજપે મોટી જીત હાંસલ કરી હતી. તાજેતરમાં થયેલી ચૂંટણીઓમાં રાજ્યમાંથી કોંગ્રેસના જાણે કે સૂપડાં જ સાફ થઈ ગયા છે, અને આમ આદમી તેમજ એઆઈએમઆઈએમ જેવી નાની પાર્ટીઓનો ઉદય થતો જોવા મળી રહ્યો છે.

તેમાંય આમ આદમી પાર્ટીએ તો સુરતમાં કોંગ્રેસને પણ પાછળ રાખી સૌને ચોંકાવી દીધા છે. રાજ્યમાં ૨૦૧૭માં જે વિધાનસભા ચૂંટણી થઈ હતી તેમાં ભાજપનો દેખાવ પ્રમાણમાં ખૂબ જ નબળો રહ્યો હતો અને પક્ષને ૧૦૦થી પણ ઓછી બેઠકો જીતીને સંતોષ માનવો પડ્યો હતો. જોકે, ત્યારબાદ થયેલી પેટાચૂંટણીઓ ઉપરાંત કોંગ્રેસના નેતાઓને તોડીને ભાજપમાં લાવવાની રણનીતિથી ભાજપનું સંખ્યાબળ હાલ વિધાનસભામાં વધીને મજબૂત સ્થિતિમાં આવી ચૂક્યું છે. જેના કારણે હાલમાં થયેલી રાજ્યસભાની ચૂંટણીઓમાં પણ કોંગ્રેસને પોતાની અગાઉની બેઠકો ગુમાવવી પડી છે.

# જિલ્લામાં બટાટાના ભાવ ગગડતાં ખેડૂતો પાયમાલ થવાની દહેશત

## મિશ્ર ઋતુથી ઉત્પાદનને ફટકો, સરકાર નિકાસ નિતીમાં બદલાવ લાવે



બાયડ, તા. ૮
સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં બટાટાનું બંફર ઉત્પાદન થયા પછી એકાએક ભાવ ગગડતાં ખેડૂતો પાયમાલ થવાની દહેશત ઉભી થઈ છે. વેપારીઓએ બટાટા ખરીદીનો ભાવ રૂ. ૨૨૦ થી ઘટાડી ૧૭૫ રૂ. કરવા છતાં ખેડૂત આગેવાનો ચૂપ છે. જ્યારે મિશ્ર ઋતુના કારણે પણ બટાટાના ઉત્પાદનને ફટકો પડ્યો છે. એલ.આર. જાતના બટાટામાં સરકારની નિકાસ નીતિમાં ત્વરીત ફેરફાર જરૂરી છે. નહીતર ખેડૂતો વધુ પાયમાલ થઈ શકે છે.

જિલ્લામાં દર વર્ષે બટાટાનું બંફર વાવેતર થાય છે. આ વર્ષે વાવેતર કર્યાના ૪૦ દિવસ પછી શિયાળામાં ગરમીનું પ્રમાણ વધતાં બટાટા માટે પ્રતિકૂળ હવામાન ઉભુ થયુ જેના કારણે ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, હિંમતનગર, તલોદ, પ્રાંતિજ, બાયડ, ધનસુરા, મોડાસા પંથકમાં બટાટા પકવતા ખેડૂતોને એકર દીઠ ૧૦૦ થી ૧૫૦ મણ બટાટાનો ઓછો ઉતારો આવ્યો. કેટલાક વિસ્તારોમાં બટાટાના પાકમાં કૃમિ સહીતનો રોગ દેખાયો જેથી ખેડૂતો માટે પડતા ઉપર પાટુનો ઘા જેવી સ્થિતિ જોવા મળી. અત્યારે ખેડૂતો ધોમધખતા તાપમાં બટાટા નિકાળવાની કામગીરીમાં જોડાયા છે. મજૂરી, ડીઝલ મોંઘા થયાં છે. ત્યારે પાક ઉત્પાદન ઘટવાની સાથે બટાટાના ભાવ એકાએક ઘટતાં ખેડૂતોને મોંઘાદાટ-બિયારણ-દવાનો ખર્ચ પણ પરવડે તેમ નથી જેથી સરકાર દ્વારા બટાટા નિકાસ નિતીમાં ફેરફાર સાથે ખેડૂતોને બટાટાના પોષણક્ષમ ભાવ મળે તેવી વ્યવસ્થા ત્વરીત ઉભી કરવી જોઈએ.

### અનેક ખેડૂતોને બિયારણવાળાએ છેતર્યા !!

જિલ્લામાં બટાટા પકવતા ખેડૂતો પંજાબ-હરીયાણા તેમજ સ્થાનિક જિલ્લામાંથી બિયારણ વેચતા વેપારી પાસેથી મોઘુ બિયારણ ખરીદ્યુ હતુ. જેમાં ચોઈલા, તલોદ પંથકના અનેક ખેડૂતોને બિયારણના વેપારીઓએ છેતર્યા છે. જે પૈકી કેટલીક ફરીયાદો પોલીસ સ્ટેશન સુધી પહોંચી છે.

### એક્સપોર્ટ વધારવા ડ્યુટી ઘટાડો : ખેડૂતો

ઈડર તાલુકાના ખેડૂતોના જણાવ્યા અનુસાર એલ.આર. બટાટાનો ભાવ દિવસે દિવસે ઘટી રહ્યો છે. સરકાર એક્સપોર્ટ ડ્યુટી ઘટાડવાનો ત્વરીત નિર્ણય લેશે તે જ ઉત્તર ગુજરાતમાં બટાટા પકવતા ૨ લાખથી વધુ ખેડૂતોને બચાવી શકાય નહી તો ખેડૂતોને પ્રતિ એકર રૂ. ૫૫,૦૦૦નુ તો બિયારણ જાય છે. પછી ખાતર, દવા, લાઈટ બીલ વગેરેનો ખર્ચ પરવડે તેમ નથી, ખેડૂતોના હિતમાં એક્સપર્ટમાં ડ્યુટી ઘટાડવી જોઈએ.

# જીત્યા બાદ મતદારોનો આભાર

## મતદાર મુલાકાત : બાયડ પાલિકા વોર્ડ-૩, ભાજપાના જીતેલા ઉમેદવારોએ મતદારોના ઘરે જઈ આભાર માન્યો : ઉમળકાથી આવકાર મળ્યો

બાયડ, તા. ૮
બાયડ નગરપાલિકાના ચૂંટણી જંગમાં ભાજપા ૧૭ બેઠકો સાથે સત્તામાં આવ્યું છે. વોર્ડ નં. ૩ માં જીતેલા ભાજપાના ઉમેદવાર અશોકભાઈ લવજીભાઈ પટેલ, અરવિંદભાઈ રેવાભાઈ પ્રજાપતિ, ગાયત્રીબેન પ્રવિણભાઈ પટેલ, મીનાબેન મનહરભાઈની પેનલ ચૂંટાઈ



આવતાં તેઓએ વોર્ડના મતદારોની મુલાકાત લઈ જીત બદલ આભાર માન્યો હતો.

કોંગ્રેસ વોર્ડ ન. ૩ પણ પોતાનો ગઢ ગણતી હતી, પરંતુ વોર્ડ નં. ૩ માં ભાજપાનું બુલડોઝર ફરી વળતાં હલચલ મચી છે. પરીણામ જાહેર થયા પછી જીતેલી ભાજપાના ઉમેદવારોએ સહજાનંદ સોસાયટી, યમુનાકુંજ સોસાયટી, કોટીયર્ડ સોસાયટી, ગિરીરાજ કેમ્પસ, દલિતવાસ, તળાવની પાળ વિસ્તાર, અરજણવાવના મતદારોનો જીત બદલ આભાર માની વિકાસના કામો સંપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવશે તેવી ખાતરી આપી હતી. જીતેલા ઉમેદવારોને જે ઉમળકાથી આવકાર મળ્યો તે જોઈ નગરસેવકો ગદગદીત બન્યા હતા.

# શિક્ષક બનવા હવે ત્રિ-સ્તરીય પસંદગીમાંથી પસાર થવું પડશે

## શિક્ષણ નીતિના અમલ માટેની સમિતિની ભલામણ : લેખિત કસોટી ઉપરાંત ઈન્ટરવ્યૂ-વર્ગખંડ પ્રક્રિયા નિદર્શન દ્વારા પસંદગી, શિક્ષકાને વર્ષે ૫૦ કલાકનો તાલીમી કોર્સ

ગાંધીનગર, તા. ૮
ગુજરાતમાં હવે શિક્ષક બનવા માટે ત્રિ-સ્તરીય પસંદગી પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. જેમાં લેખિત કસોટી ઉપરાંત ઈન્ટરવ્યૂ અને વર્ગખંડ પ્રક્રિયા નિદર્શનનો સમાવેશ થાય છે. રાજ્યમાં નવી શિક્ષણ નીતિના અમલને લઈને રચવામાં આવેલી ટાસ્ક ફોર્સની સમિતિએ સરકારને આ અંગે ભલામણ કરી છે. ઉપરાંત શિક્ષકોએ દર વર્ષે ૫૦ કલાકનો તાલિમી કોર્સ પણ કરવાનો રહેશે જેની નોંધ સર્વિસ બૂકમાં પણ કરાશે.

નવી શિક્ષણ નીતિ અંતર્ગત પ્રાથમિકથી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટે સ્નાતક, અનુસ્નાતક કક્ષાના ગુણ તેમજ ટેટ-ટાટાના ગુણ સાથે ઉમેદવારની ત્રિ-સ્તરીય પસંદગી પ્રક્રિયા યોજવામાં આવશે. જેમાં વૈકલ્પિક પ્રશ્નો તેમજ વર્ણનાત્મક પ્રશ્નો ધરાવતી કસોટીઓ, ઈન્ટરવ્યૂ, તેમજ વર્ગખંડ પ્રક્રિયા નિદર્શનનો સમાવેશ કરવામાં આવશે. આ ઉપરાંત ત્રણેય સ્તરના ગુણ ઉમેરીને મેરિટ લિસ્ટ તૈયાર કરાશે.

નવી શિક્ષણ નીતિમાં રાજ્યના વંચિત વિસ્તારોમાં ઉચ્ચ ગુણવત્તાની શૈક્ષણિક તકો વધારવા માટે વિશેષ શિક્ષણ ઝોનની રચના તેમજ રાજ્યના વિશિષ્ટ પ્રતિભાશાળી અને હોશિયાર વિદ્યાર્થીઓની પ્રતિભાઓ અને રૂચિઓની ઓળખ અને કાળજી લેવા માટેની વ્યવસ્થાનું સૂચન પણ કરવામાં આવ્યું છે. જેથી કરીને રાજ્યમાં પ્રસ્તાવિત સ્કૂલ ઓફ એક્સલન્સ પ્રોજકેટમાં આ બાબતોને આવરી લેવામાં આવેલી હોઈ ટાસ્ક ફોર્સના સભ્યો દ્વારા સર્વાનુમતે સંમતિ આપવામાં આવી છે. રાજ્યમાં એક્સેલન્સ પ્રોજેક્ટ અંતર્ગત ધોરણ ૬થી ૧૨ના વિદ્યાર્થીઓને સમાવતી નિવાસી શાળાઓ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવે તેવી ભલામણ કરવામાં આવી છે. જેથી રાજ્યમાં સ્કૂલ ઓફ એક્સેલન્સ અંતર્ગત નિવાસી શાળાઓ શરૂ કરાશે. આ શાળાઓ ૩૩ જિલ્લામાં શરૂ કરાશે, જેમાં એક સ્કૂલમાં ૩ હજાર લેખે ૩૩ જિલ્લામાં ૧ લાખ બાળકોને સમાવવામાં આવશે. આ માટે ઉચ્ચ ગુણવત્તા ધરાવતા અને અનુભવી શિક્ષકોની કોન્ટ્રાક્ટ ધોરણે નિમણૂક કરાશે.

# બાયડ પાલિકામાં બે શક્તિઓ ભેગી થતાં કોંગ્રેસ ''અશક્ત'' બની

## કોંગ્રેસના મોટા ભાગના ઉમેદવારોએ પેનલના બદલે સિંગલ મત માંગ્યા !!

બાયડ, તા. ૮
બાયડ નગરપાલિકાનો ચૂંટણી જંગ પૂરો થયો છે. મતદારોએ પોતાનો જનાદેશ આપી દીધો છે. ૧૭ બેઠક સાથે ભાજપાનો ભગવો લહેરાયો છે ત્યારે બાયડ નગરપાલિકાના ચૂંટણી જંગમાં કોંગ્રેસ કેમ હારી !! તેનું પોસ્ટમોર્ટમ શરૂ થયુ છે. બે શક્તિઓ ભેગી થતાં કોંગ્રેસ અશક્ત બની !! કે પછી વર્ષો સુધી સામ સામે ચૂંટણી લડનારા ધુરંધરો એક થયા તે મતદારોને ન ગમ્યું !! કોંગ્રેસના મોટાભાગના ઉમેદવારો પોતાનો પરાજય થશે તેવુ જણાતા છેલ્લી ઘડીએ પેનલો છોડી પોતાના માટે સિંગલ મત માંગતા ઉમેદવારોમાં અંદરોઅંદર અવિશ્વાસ થયો..!! હાલ તો બાયડ તાલુકો કોંગ્રેસનો ગઢ ગણાતો હતો પરંતુ બાયડ નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત ઉપર કોંગ્રેસે પકડ ગુમાવતાં વર્ષ-૨૦૨૨ માં યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં ભાજપા માટે રસ્તો આસાન બન્યો છે.

જિલ્લાની રાજકીય પ્રયોગશાળા ગણાતા બાયડ તાલુકા અને બાયડ નગરપાલિકા વિસ્તારના પરીણામો કોઈ ચમત્કાર નથી..! ચૂંટણી જાહેર



થઈ ત્યારથી જે હવામાન હતું તે મુજબ જ ભાજપા ઉમેદવારો જીત્યા છે.

બાયડ નગરપાલિકામાં ભાજપાએ ૨ બેઠક માત્ર ૧૦ મતથી ઓછા માર્જીનથી ગુમાવી છે. મતદારો-પ્રજા હવે સમજણી થઈ ગઈ છે તેમાંય બાયડના મતદારો કોઈના ભય હેઠળ નથી તે પણ પુરવાર કર્યુ છે. વેપારી-લારીવાળા અને આમ આદમીએ જે રીતે કચકચાવીને મતદાન કર્યુ તેના લીધે કોંગ્રેસ ધરાશાયી થઈ અને ભાજપાને શાસન મળ્યુ છે. પરીણામોના પોસ્ટમોર્ટમમાં ડોકીયું કરતાં બાયડના કોંગ્રેસના આગેવાનોએ શું ગુમાવ્યું તે મતદારો અને પ્રબુધ નાગરીકો સમજી ચૂક્યા છે. પરંતુ બાયડના કોંગ્રેસી ધારાસભ્યએ બાયડનો ગઢ ગુમાવ્યો છે તે નિશ્ચિત છે. કોઈએ સાચુ જ કહ્યું છે કે હાથનું કર્યુ હૈયે વાગ્યું !! કોંગ્રેસના ધારાસભ્યએ તેમને જીતાડવા દિવસ રાત કરનારા સાચા કોંગ્રેસીઓને હાંશિયામાં ધકેલ્યો છે. ત્યારે કાર્યકરોની આંતરડી કકળે એટલે એનુ પરીણામ ભયંકર હોય છે. સત્તામાં આવેલ ભાજપાએ પણ વર્ષ-૨૦૨૧ના ચૂંટણી જંગમાંથી ઘણીબધી શીખ લેવી રહી !!

# ગુજરાતના પૂર્વ રાજ્યપાલ અંશુમાન સિંહનું નિધન

જયપુર,તા.૮
રાજસ્થાન અને ગુજરાતના રાજ્યપાલ રહી ચુકેલા અંશુમાન સિંહનું ૮૬ વર્ષની વયે નિધન થયું છે. તેમના નિધનના સમાચારથી રાજકીય ક્ષેત્ર અને તેમના શુભચિંતકોમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ૮૬ વર્ષીય અંશુમાન સિંહએ પોસ્ટ ગ્રેજ્યુએટ ઈંસ્ટિટ્યૂટ લખનઉ ખાતે અંતિમ શ્વાસ લીધા હતા. તેમના પાર્થિવ દેહને અંતિમ સંસ્કાર માટે પ્રયાગરાજ લઈ જવામાં આવ્યો હતો.

અંશુમાન સિંહની તબિયત છેલ્લા કેટલાક દિવસોથી ખરાબ હતી. જ્યારે તેમણે આજે અંતિમ શ્વાસ લેતાં રાજ્યપાલ કલરાજ મિશ્ર અને મુખ્યમંત્રી અશોક ગહલોતે પણ પૂર્વ રાજ્યપાલના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે અંશુમાન સિંહે રાજસ્થાનના રાજ્યપાલ તરીકે ૧૬ જાન્યુઆરી ૧૯૯૯ના રોજ પદભાર ગ્રહણ કર્યો હતો.

પૂર્વ રાજ્યપાલ અંશુમાન સિંહના નિધન પર આજે રાજસ્થાનમાં એક દિવસીય શોક જાહેર કરવામાં આવ્યો છે. આજે સરકારી કાર્યાલયોમાં એક દિવસ રાજકીય શોકના કારણે રજા રાખવામાં આવી હતી. મહિલા દિવસ નિમિત્તે યોજાયેલા સરકારી કાર્યક્રમો પણ રદ કરવામાં આવ્યા હતા.

# રાજ્યમાં કોરોના સંક્રમણના નવા ૫૫૫ કેસ નોંધાયા

## અત્યાર સુધીમાં કુલ ૨૬૬૩૧૩ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૧૨૯ કેસ

ગાંધીનગર,તા.૮
સોમવારે સવારના આંકડાઓ અનુસાર ભારતમાં ગત ૨૪ કલાકમાં કોરોનાના ૧૮,૫૯૯ નવા કેસ સામે આવ્યા છે અને આ સાથે જ ૨૪ કલાકમાં ૯૭ નવા મોત નોંધાયા છે.

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના કુલ ૫૫૫ કેસ નોંધાયા છે તો તેની સામે રાજ્યમાં ૨૪ કલાકમાં ૪૮૨ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી હવે કોરોના મહામારીમાં રાજ્યમાં કુલ ૨,૬૬,૩૧૩ દર્દીઓ કોરોનાને હરાવવામાં સફળ રહ્યાં છે. જેથી રાજ્યનો રિકવરી રેટ પણ ૯૭.૨૨%એ પહોંચ્યો છે. રાજ્યમાં નવા કેસમાંથી અમદાવાદમાં ૧૨૯, સુરતમાં ૧૦૦, વડોદરામાં ૧૦૪ તેમજ રાજકોટમાં ૪૪ દર્દીઓનો સમાવેશ થાય છે. જ્યારે રાજ્યમાં કુલ ૩૨૧૨ એક્ટિવ કેસમાંથી ૪૧ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૩૧૭૧ સ્ટેબલ છે.

રાજ્યમાં ૨૪ કલાકમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૧ મોત નોંધાતા હવે રાજ્યમાં કુલ મૃત્યુઆંક પણ ૪૪૧૬એ પહોંચ્યો છે. અત્યાર સુધીમાં કુલ ૧૫,૦૧,૨૫૩ વ્યક્તિઓને પ્રથમ ડોઝનું અને ૩,૫૭,૬૫૪ વ્યક્તિઓને બીજા ડોઝનું રસીકરણ પૂર્ણ થયું હતું. આજે ૬૦ વર્ષથી વધુ વયના તેમજ ૪૫થી ૬૦ વર્ષના ગંભીર બીમારી ધરાવતા કુલ ૮૯,૪૪૭ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. રાજ્યમાં બનાસકાંઠા, બોટાદ, ડાંગ, પોરબંદર અને સુરેન્દ્રનગર એમ કુલ ૫ જિલ્લામાં કોરોનાનો એકપણ કેસ નોંધાયેલ નથી.

### ૧૩ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૩૮ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૬૬૮ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૬ કેસ નોંધાયા છે. જેમાં ૩ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. શહેરમાં નોંધાયેલા ૬ કેસમાંથી ૩ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે સે. ૧ માં થી ૨, સે. ૫, ૬, ૧૪ અને સે. ૨૭ માંથી કેસ મળી આવેલ છે.

આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે ૫૦ થી વધુ એક્ટીવ કેસ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં કોરોનાના કેસો સંવેદનશીલ વિસ્તારોમાંથી જે રીતે મળી રહ્યા છે તેને લઈ તંત્રએ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં સર્વેલન્સ સઘન કરવા ઉપરાંત ટેસ્ટીંગમાં વધારો કરવાની સૂચના આપી હોવાનું જાણવા મળેલ છે.

### જોખમી મકાનો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી છે. સેકટરમાં અંદાજિત ૩૦૦ જેટલા મકાનોમાં હાલ વસવાટ છે. જ્યારે આ આવાસો જોખમી હોવાના લીધે ઝડપથી તોડી નાંખવામાં આવશે. જયારે નવી આવાસ યોજના તૈયાર કરતા પુર્વે આ પરિવારજનોને અન્ય જગ્યાએ ખસેડી જુના આવાસોનો કડુસલો કરવામાં આવશે. જો કે આ પ્રકીયા પુર્ણ થતા હજુ વાર લાગશે જેના લીધે નવા મકાનો બાંધવાની કામગીરીમાં પણ વિલંબ થશે.

### કન્ડક્ટરની ઘટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પુરતો સ્ટાફ નથી જેના લીધે બસ સંચાલન પર વિપરિત અસર પડી છે. એસ ટી ડેપોમાં છેલ્લા ત્રણ વર્ષથી ડ્રાઈવર કંડકટર ની ભરતી થઈ નથી. જેમાં ડેપોમાં હાલ ૧૯૦ ડ્રાઈવર છે. જયારે ૧૦ ડ્રાઈવરની ઘટ છે. આ ઉપરાંત ૧૮૭ કંડકટરની સામે ૭ ની ઘટ છે. આ ઉપરાંત ૩૬ મિકેનિક છે. જયારે ૧૫ ની ઘટ છે. એસ ટી ડેપોમાં લાંબા સમયથી એ ટી એમ તેમજ પોલીસ ચોકી પણ શરૂ થઈ નથી. જેના લીધે મુસાફરોએ ડગલેને પગલે હાલાકી વેઠવી પડે છે. આ ઉપરાંત એસ ટી બસ સેવાના રૂટોનુ સંચાલન પણ યોગ્ય રીતે થઈ શકતુ નથી.

### હુમલા

● અનુસંધાન પહેલાનું ચાલુ

મંત્રાલયે જણાવ્યું હતું કે દુનિયાની સૌથી મોટી તેલ કંપની સાઉદી અરામકોના રહેણાંક વિસ્તાર પાસે બેલેસ્ટિક મિસાઈલથી હુમલો કરાયો હતો. રક્ષાલ મંત્રાલય મુજબ રાસ તેનુરામાં સ્થિત ઓઈલ શિપિંગ પોર્ટ અને અરામકો પર હુમલાના પ્રયત્ન કરવામાં આવ્યા પરંતુ સમુદ્રમાં જ સશસ્ત્ર ડ્રોનની મદદથી તેને રોકી લેવામાં આવ્યા હતા. હુમલાની નિંદા કરતા સાઉદી અરબના રક્ષા મંત્રાલયે આ હુમલા વિરુદ્ધ દુનિયાભરના દેશો અને સંગઠનોને એક થઈ ઉભા રહેવા અપીલ કરી હતી. મંત્રાલયના પ્રવક્તાએ એમ પણ કહ્યું હતું કે, આ હુમલો માત્ર સાઉદી અરબના શાસન પર જ નહીં વિશ્વના ઉર્જા પુરવઠા પર કરાયો હતો જેની ગંભીર અસર ગ્લોબલ ઈકોનોમી પર પડશે.

આ પહેલા ૨૦૧૯માં સાઉદી અરબના પૂર્વી રાજ્યોમાં મિસાઈલ અને ડ્રોનથી હુમલા કરાયા હતા, જેનાથી પ્રભાવિત સમગ્ર સાઉદી અરબ હલી ગયુ હતું. આ રાજ્યો અરામકોના તેલ ઉત્પાદન અને નિકાસ માટે જાણીતા છે. સાઉદીએ આ હુમલા માટે ઈરાન પર આરોપ લગાવ્યા હતા, પરંતુ ઈરાન આરોપો ફગાવ્યા હતા. યમનની હાઉથી સેનાના પ્રવક્તાએ રવિવારે કહ્યું હતું કે, સમૂહે એક મોટા અભિયાનમાં સાઉદીના કેન્દ્ર પર ૧૪ ડ્રોન અને આઠ મિસાઈલથી હુમલો કર્યો હતો.

### મિત્ર છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

જરૂરી છે કે બંને દેશ પોતાના વિવાદને પતાવે અને દ્વિપક્ષીય સહયોગનો વિસ્તાર કરે. સરહદ વિવાદ, ઈતિહાસની દેણ છે, તે ચીન અને ભારત સંબંધ માટે સંપૂર્ણ રીતે જવાબદાર નથી. વાંગ યીએ ચીનની સંસદ નેશનલ પીપલ્સ કોંગ્રેસના વાર્ષિક સત્રથી અલગ પત્રકાર સંમેલનમાં કહ્યું કે એ જરૂરી છે કે બંને પક્ષ વિવાદોને યોગ્ય રીતે પતાવટ કરે અને આ સાથે જ સહયોગ વધારે. જેથી કરીને મુદ્દાના ઉકેલ માટે અનુકૂળ સ્થિતિ બની શકે. જો કે તેમણે બંને દેશો વચ્ચે ૧૦ રાઉન્ડની સૈન્ય સ્તરની વાતચીત બાદ પૂર્વ લદાખમાં પેન્ગોંગ લેકના ઉત્તરી અને દક્ષિણી તટોથી સૈનિકોને હાલમાં જ પીછે હટના વિષય પર કશું કહ્યું નહીં. અત્રે જણાવવાનું કે ભારતીય વિદેશમંત્રી એસ જયશંકરની સાથે ચીની વિદેશમંત્રી વાંગ યીની ટેલિફોન પર ૭૫ મિનિટ સુધી વાતચીત થઈ હતી. ત્યારબાદ ચીની વિદેશ મંત્રીનું આ નિવેદન આવ્યું છે. આ ઉપરાંત શુંક્રવારે ભારતીય રાજદૂત વિક્રમ મિસ્ત્રીએ ચીનના ઉપવિદેશ મંત્રી લુઓ ઝાઓહુઈ સાથે મુલાકાત કરી હતી અને પૂર્વ લદાખના તમામ વિસ્તારોથી સૈનિકોની વાપસીની પ્રક્રિયા પૂરી કરવાની અપીલ કરી હતી. વાંગએ પોતાની ટિપ્પણીમાં કહ્યું હતું કે વિશ્વ એ આશા રાખે છે કે ચીન અને ભારત બંને દેશ વિકાસશીલ દેશોના જોઈન્ટ હિતોની રક્ષા કરે અને વિશ્વમાં બહુધ્રુવીય વ્યવસ્થાને મજબૂત કરે. ચીની વિદેશ મંત્રી વાંગે કહ્યું કે અનેક મહત્વના મુદ્દાઓ પર અમારા વલણ સમાન છે કે નીકટ છે. આથી ચીન અને ભારત એક બીજાના મિત્ર અને ભાગીદાર છે, જોખમ કે પ્રતિદ્વંદ્વી નહીં. બંને દેશોના સફળ થવા માટે એક બીજાને નુકસાન પહોંચાડવાની જગ્યાએ એકબીજાની મદદ કરવી જોઈએ. આપણે એક બીજા પર શંકા કરવાની જગ્યાએ સહયોગ વધારવો જોઈએ. વાંગે પૂર્વ લદ્દાખનો ઉલ્લેખ કર્યા વગર કહ્યું કે સરહદી વિસ્તારમાં ગત વર્ષે જે કઈ સાચું કે ખોટું થયું તે સ્પષ્ટ છે. અમે સરહદ વિવાદ વાર્તા તથા પરામર્શ દ્વારા ઉકેલવા માટે પ્રતિબદ્ધ છીએ. આ સાથે જ અમે અમારા સાર્વભૌમત્વના અધિકારોની રક્ષા કરવાનો પણ સંકલ્પ લઈએ છીએ.

### હેલિકોપ્ટર ક્રેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે તેમણે દસો કંપનીના બોર્ડમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધુ હતું. વર્ષ ૨૦૨૦માં ફોર્બ્સની સૌથી ધમિક લોકોની યાદીમાં દસોને પોતાના બે ભાઈ અને બહેન સાથે ૩૬૧મુ સ્થાન મળ્યું હતું.

ડસોલ્ટ જૂથનું એવિએશન (ઉડ્ડયન) કંપની ઉપરાંત લી ફિગારો આખબાર પણ નીકળે છે. ઓલિવિયર ફ્રાન્સની નેશનલ એસેમ્બલીમાં ૨૦૦૨માં ચૂંટાયા હતા. તેઓ રિપબ્લિકન પાર્ટી સંસદ તરિકે ફ્રાન્સના ઓઈસ અરિયાનું પ્રતિનિધિત્વ કરતા હતા. ઓલિવિયર ડસોલ્ટની કુલ સંપત્તિ આશરે ૭.૩ અબજ અમેરિકી ડોલર છે.

### ખુલાસો

● અનુસંધાન પહેલાનું ચાલુ

તપાસ એજન્સીઓએ અનેક એન્ગલથી આ કેસની તપાસ શરૂ કરી દીધી હતી જેમાં ઈરાનની કુદ્સ ફોર્સે આ હુમલો કરાવ્યો હોવાનો ખુલાસો થયો હતો.

એક અહેવાલ પ્રમાણે બોમ્બ વિસ્ફોટ પાછળ ઈરાનની કુદ્સ ફોર્સનો હાથ હતો પરંતુ તે બોમ્બ એક સ્થાનિક ભારતીય શિયા મોડ્યુલે પ્લાન્ટ કર્યો હતો. એટલું જ નહીં, જાણી જોઈને એવા પુરાવા મુકવામાં આવ્યા હતા જેથી આ હુમલા પાછળ આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટ (આઈએસઆઈએસ)નો હાથ હોવાની શંકા જાગે. આ યોજના અંતર્ગત જ અજાણ્યા સંગઠન જૈશ ઉલ હિંદે આ હુમલાની જવાબદારી પણ સ્વીકારી હતી. જો કે, આતંકવાદ વિરોધી એજન્સીઓએ આ હુમલો ઈરાનની કુદ્સ ફોર્સે ઈઝરાયલ વિરૂદ્ધ કર્યો હોવાનું જાણી લીધું છે.

એક અધિકારીના કહેવા પ્રમાણે વિસ્ફોટ માટે વપરાયેલા બોમ્બની તીવ્રતા વધારે નહોતી અને તેનું લક્ષ્ય લોકોને નુકસાન પહોંચાડવાનું પણ નહોતુ. કારણ કે ઈરાન કદાચ ભારત સાથેના સંબંધોમાં તણાવ લાવવા નથી ઈચ્છતું. પરંતુ સંદેશો સ્પષ્ટ હતો અને જોખમ પણ સાચુ જ હતું.

ઉલ્લેખનીય છે કે, ૨૯ જાન્યુઆરીના રોજ દિલ્હીમાં ઈઝરાયલના દૂતાવાસ બહાર રિમોટ કંટ્રોલવાળા ડિવાઈસની મદદથી ઓછી તીવ્રતાનો વિસ્ફોટ થયો હતો.

### ભાજપમાં જોડાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટિકિટ અપાયા પહેલા પણ ઘણા દિગ્ગજ નેતાઓ ટીએમસીનો સાથ છોડી ચુક્યા છે.

મહત્વનું છે કે બંગાળ વિધાનસભાની ૨૯૪ સીટો માટે આઠ તબક્કામાં મતદાન થવાનું છે. પ્રથમ તબક્કામાં ૩૦ વિધાનસભા સીટો માટે ૨૭ માર્ચે મતદાન થશે. તો એક એપ્રિલે બીજા, ૬ એપ્રિલે ત્રીજા, ૧૦ એપ્રિલે ચોથા, ૧૭ એપ્રિલે પાંચમાં તબક્કા માટે મતદાન થશે. છઠ્ઠા તબક્કામાં ૨૨ એપ્રિલે, સાતમાં તબક્કામાં ૨૬ એપ્રિલ અને અંતિમ તબક્કા માટે ૨૯ એપ્રિલે મતદાન થશે. મતગણના ૨ મેએ થશે.

### દોષી જાહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

કર્મચારીઓ પણ ઈજાગ્રસ્ત થયા હતા.

બહુચર્ચિત બાટલા હાઉસ એકાઉન્ટર કેસમાં ૪૪ વર્ષના દિલ્હી સ્પેશ્યલ સેલના ઈન્સ્પેક્ટર મોહન ચંદ શર્માને ૧૯ સપ્ટેમ્બરે દક્ષિણ દિલ્હીના બાટલા હાઉસમાં સંતાયેલા પાંચ શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ દરમિયાન ત્રણ ગોળી વાગી હતી. જે પછી સારવાર દરમિયાન તેઓ શહીદ થયા હતા.

દિલ્હી કોર્ટે આરિજ ખાનને હત્યા, હત્યાનો પ્રયત્ન, સરકારી કર્મચારી પર હુમલો, સરકારી કામમાં અડચણ નાખવા, સરકારી કર્મીઓને ઈજા પહોંચાડવા, આર્મ્સ એક્ટ સહિત અન્ય આરોપોમાં દોષી જાહેર કર્યો હતો. આ સિવાય કોર્ટે શહીદ ઈન્સ્પેક્ટર અને ઈજાગ્રસ્ત પોલીસ કર્મચારીઓના પરિવારની આર્થિક વળતર પર વિચારણા કરવાનો નિર્ણય પણ લીધો હતો. આ કેસમાં ૨૦૧૩માં એક આતંકવાદી શહેજાદ અહમદને સજા થઈ ચૂકી હતી. બાટલા હાઉસ એક્રાઉન્ટર દરમિયાન બંને આતંકવાદીઓ ત્યાંથી ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા જ્યારે તેમના ત્રણ સાથી એક્રાઉન્ટરમાં માર્યા ગયા હતા.

ઉલ્લેખનીય છે કે, આરિજ ખાન ૨૦૦૮માં દિલ્હી, જયપુર, અમદાવાદ અને ઉત્તર પ્રદેશની અદાલતોમાં થયેલા બોમ્બ વિસફોટનો મુખ્ય આરોપી હતો. આ ધમાકાઓમાં કુલ ૧૬૫ લોકોનો ભોગ લેવાયો હતો અને ૫૩૫ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. એ સમયે આરિજ ખાનના માથે ૧૫ લાખનુંઈનામ જાહેર કરતા ઈન્ટરપોલ દ્વારા તેની વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ ઈશ્યુ કરાઈ હતી. આઝમગઢના રહેવાસી આરિજ ખાનની સ્પેશ્યલ સેલની ટીમે ફેબ્રુઆરી ૨૦૧૮માં ધરપકડ કરી હતી.